દિવ્ય ભાસ્કર, ગાંધીનગર આવૃત્તિ - પાના નંબર- 03
તારીખ :- 22/02/2026.

City ભાસ્કર
Gandhinagar Sunday, 22 February 2026



આ તસવીર AI જનરેટેડ, પ્રતીકાત્મક છે

AMDAVADNXT PROJECT

### 'અમદાવાદNXT'માં AMCના કમિશનર બંછાનિધિ પાનીએ ભવિષ્યના ટ્રાંસ્પોર્ટેશન વિશે કહ્યું

# અમદાવાદમાં વોટર મેટ્રો 6 મેટ્રો સ્ટેશન બની શકે, અભ્યાસ શરૂ

**અમદાવાદઃ** સાબરમતી રિવરફ્રન્ટ હાઉસ ખાતે 'અમદાવાદNXT' પ્રોગ્રામની શરૂઆત થઈ છે. જેમાં AMCના કમિશનર બંછાનિધિ પાનીએ હાજરી આપી હતી અને તેમણે જણાવ્યું કે, 'AMTS, BRTS, મેટ્રો સહિતની સિસ્ટમમાં એકીકરણને મજબૂત બનાવવામાં આવી રહ્યું છે. ખેલાડી સ્પર્ધામાં પોતાનું શ્રેષ્ઠ પરફોર્મન્સ આપી શકે તે માટે ટ્રાન્સપોર્ટેશન અને અવરજવરની વ્યવસ્થા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે, ત્યારબાદ રહેવાની સારી વ્યવસ્થા પણ તેટલી જ જરૂરી છે.

પર્યાવરણ, ખાસ કરીને હવાની ગુણવત્તા પણ ખૂબ જ મહત્ત્વ ધરાવે છે. ઉદાહરણ તરીકે, 'જો ખેલાડી વધુ ગરમી અથવા વધુ ઠંડી અનુભવતો હોય અથવા હવાની ગુણવત્તા સારી ન હોય, તો તે પોતાનું શ્રેષ્ઠ પરફોર્મ કરી કશે નહીં. કારણ કે, આવી સ્પર્ધાઓમાં એક અથવા તો, અડધી સેકન્ડ પણ જીત કે પછી હાર નક્કી કરી શકે છે. ઉપરાંત, વોટર મેટ્રો શરૂ કરવાની વિચારણા કરી રહ્યા છીએ. શરૂઆતમાં 6 વોટર મેટ્રો સ્ટેશન બનાવવાની યોજના છે. હાલમાં આ પ્રોજેક્ટ અભ્યાસના તબક્કામાં છે.'

સ્પોર્ટ્સ ઓથોરિટી ઑફ ઈન્ડિયાના રિજનલ ડાયરેક્ટર મણિકાંત શર્માએ આ વિશે વાત કરતાં જણાવ્યું કે, 'ઓલિમ્પિક 2036માં જો ભારત હોસ્ટ સિટી બનશે, તો આપણને અનેક રમતો, જેમાં આપણી પરંપરાગત અને સ્થાનિક રમતો સામેલ કરવાની તક મળી શકે છે.

### શહેરમાં અંદાજે 168kmનો સમર્પિત PRP નેટવર્ક છે



મેટ્રોના બીજા ફેઝનું કામ હાલમાં ચાલી રહ્યું છે. હવે મેટ્રોને સાણંદ સાથે જોડવા વિવિધ આયોજન થઈ રહ્યા છે. અમદાવાદમાં અંદાજે 168kmનો સમર્પિત PRP નેટવર્ક છે. આ ખાસ બનાવાયેલ નેટવર્કનો ઉપયોગ રમતો સાથે જોડાયેલા લોકો, જેમ કે મીડિયા અને અન્ય સ્ટાફ માટે સરળતાથી કરી શકાય છે. કારણ કે તેની માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર પહેલેથી જ ઉપલબ્ધ છે. ઉપરાંત, અમદાવાદ 'ગ્રેટર અમદાવાદ' મોડ્યુલનો ભાગ છે, આ સમગ્ર સિસ્ટમમાં બધી સુવિધાઓ એકબીજા સાથે સંકલિત છે. **-બંછાનિધિ પાની, કમિશનર, AMC**

### વોટર મેનેજમેન્ટ, વોટર ટ્રાન્સપોર્ટેશનની શક્યતા છે

અમદાવાદને સાણંદ, કલોલ વગેરે સાથે જોડીને એક વિશાળ અને સંકલિત વિસ્તાર તરીકે તૈયાર કરવાની દિશામાં કામ થઈ રહ્યું છે. શહેરમાં 500 એકર જમીન એક્વાયર થઈ ગઈ છે. આપણી પાસે નદી છે, એટલે વોટર મેનેજમેન્ટ અને વોટર ટ્રાન્સપોર્ટેશનની શક્યતા છે. આજની સ્થિતિ કરતાં 3-4 ગણો વિકાસ કરવો પડશે. **- અજય પટેલ, સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ, ઈન્ડિયન ઓલિમ્પિક એસોસિએશન**




પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓ અને પાર્ટિસિપેન્ટ્સ દ્વારા તૈયાર કરાયેલા અમદાવાદની જાણીતી જગ્યાઓના પેઈન્ટિંગ્સ ડિસ્પ્લે કરાયાં છે.